DATE :- 23-12-2025

SANDESH, PAGE-04, SURAT

## ઈકો ફ્રેન્ડલી સુરત મેટ્રો ડેપો માં ૨ લાખ લિટર ગંદું પાણી ફરી વપરાશલાયક બનાવાશે

# મેટ્રો ડેપો તૈયાર : ૨૪ ટ્રેન એકસાથે ઊભી રહેશે

## ખાલી પડેલી જગ્યામાં ૩૦૦૦ વૃક્ષો લગાડી ગ્રીન બેલ્ટ તૈયાર કરાશે

। સુરત ।

સ્માર્ટ સુરતીઓને ઝડપી અને સ્માર્ટ ટ્રાન્સપોર્ટેશનની સુવિધા મળી રહે તે માટે મેટ્રો પ્રોજેક્ટનું કામ ઝડપથી કરવામાં આવી રહ્યું છે. આગામી નજીકના દિવસોમાં સુરત ડ્રીમ સિટીથી મજુરાગેટ વચ્ચે પ્રાયોગિક ધોરણે મેટ્રો ટ્રેન દોડાવવામાં આવશે. ત્યારે ટ્રેનો ઊભી કરી શકાય તેમજ વોશિંગ અને મેન્ટેનન્સ કરી શકાય તે માટે કોરિડોર-૧ માટે ડ્રીમસીટીમાં મેટ્રો ડેપોનું કામ લગભગ પૂર્ણ થવાની આરે છે. માત્ર ટ્રાન્સપોર્ટેશન જ નહીં પરંતુ ડેપોની ખાસિયત એ છે કે અહીં બે લાખ લિટર વેસ્ટેજ પાણીને ટ્રીટમેન્ટ કરી પુનઃ ઉપયોગમાં લેવામાં આવશે જેથી પાણીનો બગાડ અટકશે. તેની સાથે જ ડેપોને પર્યાવરણ માટે ઈકો ફ્રેન્ડલી બનાવવાનો પણ પ્રયાસ કરવામાં આવ્યો છે. અહીં ખાલી પડેલી જગ્યા ઉપર ૩૦૦૦ જેટલા વૃક્ષો લગાડવામાં આવશે.

સુરતના ઔદ્યોગિક વિકાસ અને ઝડપથી વધી રહેલી જનસંખ્યાની વધી રહેલી ટ્રાન્સપોર્ટેશનની જરૂરિયાતને ધ્યાને રાખી ૧૨ હજાર કરોડથી વધુના ખર્ચે મેટ્રો પ્રોજેક્ટ શરૂ કરવામાં આવ્યો છે. રાજ્યમાં હાલ અમદાવાદમાં મેટ્રો દોડે છે, હવે સુરતમાં બે રૂટ પર મેટ્રોની સુવિધા શરૂ કરવામાં આવી રહી છે, જેમાં કોરિડોર વન અને કોરિડોર ટુ પર લગભગ ૪૦.૩૫ કિલોમીટર દૂરીમાં રેલ પાટા નાખવામાં આવશે હાલ કોરિડોર વન પર લગભગ ૧૦ કિમી સુધી રેલ પાટા નાખવામાં આવ્યા છે. અત્યાર સુધી સરથાણાથી ડ્રીમ સિટી વચ્ચે લગભગ ૨૨ કિલોમીટરના રૂટ પર મોટાભાગની તૈયારીઓ પૂરી કરી લેવામાં આવી છે. ટૂંકમાં જ ડ્રીમ સિટીથી અલથાણ ટેનામેન્ટ અને ત્યારબાદ મજુરાગેટ વચ્ચે પ્રાયોગિક ધોરણે મેટ્રો ટ્રેન શરૂ કરવામાં આવશે. આ તમામ તૈયારીઓ વચ્ચે મેટ્રો ટ્રેન મેન્ટેનન્સ અને ટ્રાયલ સહિતની વ્યવસ્થા માટે કોરિડોર-૧નો ડેપો ડ્રીમ સિટીમાં તૈયાર કરવામાં આવી રહ્યો છે. જે લગભગ તૈયાર થઈ ગયો છે.



### ૨ લાખ લિટર ગંદું પાણી રિયૂઝ કરવા માટે ટ્રીટમેન્ટ પ્લાન્ટ

દેશ-દુનિયામાં પર્યાવરણ સંરક્ષણની દિશામાં પ્રયાસ કરવામાં આવી રહ્યું છે. ત્યારે મેટ્રો પ્રોજેક્ટ પણ માત્ર ટ્રાન્સપોર્ટેશન જ નહી પર્યાવરણની જાળવણી સાથે આગળ વધી રહ્યું છે. મેટ્રોના અંડરગ્રાઉન્ડ સ્ટેશનોને ગ્રીન બિલ્ડિંગ તરીકે ડેવલપ કરાશે. ત્યારે વાપરવામાં આવેલું ગંદું પાણી ફરીથી ઉપયોગમાં લઇ શકાય તે માટે એસટીપી પ્લાન્ટ અને ઇટીપી પ્લાન્ટ પણ બનાવવામાં આવ્યા છે. એસટીપી પ્લાન્ટમાં ડેપોમાં વાપરવામાં આવેલું ગંદું પાણી ટ્રીટમેન્ટ કરવામાં આવશે જેની કેપેસિટી ૧.૨૫ લાખ લિટર પ્રતિદિન છે. જ્યારે ઇટીપી એટલે કે વોશિંગ અને સાઇટ પરથી નીકળેલા પાણીને ટ્રીટમેન્ટ કરાશે. આ પ્રોજેક્ટની કેપેસિટી ૭૫ લાખ લિટર પ્રતિદિન છે. નજીકના દિવસોમાં ટ્રાયલ તરીકે ડ્રીમસિટીથી અલથાણ વચ્ચે મેટ્રો દોડાવવામાં આવશે. ત્યારબાદ ડ્રીમસિટીથી મજૂરાગેટ સુધી ટ્રેન લંબાવવામાં આવશે.

### ૩૦૦૦ વૃક્ષો લગાડી પર્યાવરણ સંરક્ષણનો પ્રયાસ

૨૦ હેક્ટરમાં ફેલાયેલા મેટ્રો ડેપોના પ્રોજેક્ટમાં ૧૬થી વધુ બિલ્ડિંગો બનાવવવામાં આવી રહી છે ત્યારે કેટલીક જગ્યાઓ વૃક્ષો લગાડવા માટેનું આયોજન પણ હાથ ધરવામાં આવ્યું છે. ફાજલ પડેલી જગ્યાઓ પર ૩૦૦૦ વૃક્ષો લગાડવામાં આવશે. જેમાં કેટલાક ફળ અને ફૂલનાં વૃક્ષો પણ શામેલ છે. જેનો ઉદ્દેશ્ય ગ્રીનરી માટે અને પર્યાવરણ સંરક્ષણ માટે છે.

### ૧.૨ કિમીમાં ફેલાયેલા ડેપોમાં ૨૪થી વધુ ટ્રેનો માટેની જગ્યા

ડ્રીમ સિટીમાં ૧.૨ કિલોમીટરમાં તૈયાર કરવામાં આવી રહેલા મેટ્રોના ડેપોમાં હાલ એક સાથે ૨૪ ટ્રેનો ઊભી રહી શકે તે માટે જગ્યા અને ટ્રેકની ગોઠવણ કરવામાં આવી છે. જે આગામી દિવસોમાં જરૂર પડે તો વધારી પણ શકાય છે. તે સિવાય મેટ્રો ભવન, એડમિન બ્લોક સહિતની તમામ સુવિધાઓ રહેશે. અહીં ટ્રેન ટ્રાયલ માટેના પાટા નાખવાની કામગીરી પૂરી થઇ ચૂકી છે. તે ઉપરાંત ટ્રેન વોશિંગ યુનિટ, ટ્રેનના મેન્ટેનન્સ માટેનું યુનિટ, સ્ટેબલિંગ યાર્ડ, ડેપો સ્ટોર બિલ્ડિંગ, આરએસએસ બિલ્ડિંગ, એએસએસ, ટીએસએસ બિલ્ડિંગ, એડમિન બ્લોક, મેટ્રો ભવન અંડરગ્રાઉન્ડ વોટર ટેંક સહિતની વ્યવસ્થા કરવામાં આવી છે.